કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

# ભોરીંગડા–ક્રાંકચ માર્ગ પર દુર્ઘટના સ્થળની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ લીધી મુલાકાત

## જોખમી કોઝવે પર તાત્કાલિક કલ્વર્ટ બનાવવા સૂચના



અમરેલી જિલ્લાના લીલીયા પંથકના ભોરીંગડા–ક્રાંકચ માર્ગ પર તાજેતરમાં બનેલી દુઃખદ ઘટનાના અનુસંધાને સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ઘટનાસ્થળની મુલાકાત લઈ સ્થળની વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.મુલાકાત દરમિયાન તેમણે માર્ગની સ્થિતિ, વરસાદી પાણીના પ્રવાહ તેમજ અકસ્માત સર્જાવાના સંજોગો અંગે સંબંધિત અધિકારીઓ અને સ્થાનિક ગ્રામજનો પાસેથી માહિતી મેળવી હતી. સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી માર્ગ સુરક્ષા માટે જરૂરી સૂચનો પણ મેળવ્યા હતા.આ દુર્ઘટનામાં શિક્ષક શ્રી જગદીશભાઈ રંગપરાના અકાળ અવસાન અંગે ધારાસભ્યએ ઊંડું દુઃખ વ્યક્ત કરતાં શોકસંતપ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે પરમાત્મા દિવંગત આત્માને ચિરશાંતિ અર્પે તેમજ પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.ચોમાસા



દરમિયાન જોખમી બની જતા આ કોઝવેને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આવી દુઃખદ ઘટના ફરી ન બને તે માટે સંબંધિત અધિકારીઓને જોખમી કોઝવે પર તાત્કાલિક નવું નાળું (કલ્વર્ટ) બનાવવાની સૂચના આપવામાં આવી હોવાનું ધારાસભ્યએ જણાવ્યું હતું. સાથે જ માર્ગ સુરક્ષા સંબંધિત જરૂરી કામગીરી ઝડપથી હાથ ધરવા પર ભાર મૂક્યો હતો.આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી NEWS

તારીખ : 18/07/2026

# સાવરકુંડલા-મહુવા રોડ પર વાહન પલટી જતાં અકસ્માત: 14 મુસાફરો ઈજાગ્રસ્ત, ત્રણને અમરેલી રીફર



અમરેલી જિલ્લાના સાવરકુંડલા-મહુવા રોડ પર મોડી રાત્રે વાહન અકસ્માતનો ભોગ બનતાં તેમાં સવાર 14 મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં ત્રણ વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર, મામલતદાર કચેરી નજીક અચાનક એક શ્વાન રસ્તા પર આવી જતાં વાહનચાલકે અકસ્માત ટાળવાના પ્રયાસરૂપે જોરદાર બ્રેક મારી હતી. જેના કારણે વાહનનું સંતુલન બગડી જતાં તે પલટી ગયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક સેવાભાવી લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે પોતાની ખાનગી ગાડીઓ મારફતે ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો, જેના કારણે ઘાયલોને સમયસર સારવાર મળી શકી હતી.અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલા ડાંગર કરણ બાલાભાઈએ જણાવ્યું હતું કે તેઓ મહુવા તાલુકાના ગોરસ ગામ ખાતે આવેલા ઠાકર મંદિરના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન મામલતદાર કચેરી નજીક અચાનક શ્વાન આડું આવતાં ચાલકે બ્રેક મારતાં વાહન પલટી ગયું હતું. તેમણે જણાવ્યું કે વાહનમાં કુલ 14 લોકો સવાર હતા અને તમામને ઈજાઓ પહોંચી



હતી.સ્થાનિક સેવાભાવી ભરતભાઈ રબારીએ જણાવ્યું હતું કે અકસ્માતની જાણ થતાં જ તેઓ પોતાના સાથીદારો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં અનેક ઈજાગ્રસ્તો રસ્તા પર પડેલા હોવાથી તાત્કાલિક ખાનગી વાહનોની મદદથી તેમને હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.અકસ્માતની જાણ થતાં સાવરકુંડલા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. અકસ્માત અંગે ગુનો નોંધવાની તેમજ અકસ્માતના ચોક્કસ કારણોની તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 18/07/2026

# સાવરકુંડલા તાલુકાના જીરા રેલવે પ્લેટફોર્મની નબળી કામગીરીને લઈને સવાલો ઊભા થયા

## આ કામ રીપેરીંગ નહીં પણ નવું જ કરવામાં આવે તેવી સૂચનાઓ આપી



સાવરકુંડલા તાલુકાના જીરા રોડ નું રેલવે પ્લેટફોર્મ આ પ્લેટફોર્મની નબળી કામગીરીને લઈને પાંચ દિવસ પહેલા સાંસદ ભરત સુતરીયા દ્વારા સ્થળ નિરીક્ષણ કર્યું નબળી કામગીરી સામે દેખાતા રેલવેના ઊંચ અધિકારી સાથે ટેલિફોનિક વાત કરી અને આ કામ રીપેરીંગ નહીં પણ નવું જ કરવામાં આવે તેવી સૂચનાઓ આપી જેના પગલે આજ સવારથી રેલ્વે પ્લેટફોર્મની કામગીરી શરૂ કરવામાં આવી છે નવીનીકરણ નહીં પરંતુ આ પ્લેટફોર્મ ઉપર બે થી ત્રણ ઈંચ જેટલું પીસીસી કરી અને ક્યાંક ને ક્યાંક નબળી કામગીરી ઢાંકવાનો કોન્ટ્રાક્ટર અને રેલ્વે અધિકારીઓ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે સ્થાનિકોને પૂછતા તેઓએ જણાવ્યું કે આ કામ લાંબો સમય ટકશે નહીં અને નીચે નબળું કામ હોવાથી એ ફરી તૂટી જશે રિયાલિટી ચેક માં આ દ્રશ્યો પણ સામે આવ્યા ત્યારે જોવાનું એ રહેશે કે કામની મજબૂતી કેટલી કરવામાં આવશે.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...સેલ...સેલ..

* કમ્ફર્ટ પેન્ટ- રૂા. ૩૫૦ માં ૨
* કોટન પ્લાઝો રૂા. ૧૫૦ માં ૨
* રૂા. ૧૫૦ વાળા ટીશર્ટ રૂા. ૧૫૦ માં ૨
* નાઈટ ડ્રેસ ફકત રૂા. ૧૫૦ થી શરૂ..
* જીન્સ ફકત રૂા. ૧૦૦ થી શરૂ...

-: ખાસ નોંધ :-

અમારી બીજી કોઈ શાખા નથી.

# શ્રી શ્યામ સિલેકશન

C/o. કિશોરભાઈ નંદલાલભાઈ મશરૂ

સુમિત કે. મશરૂ - મો. 98249 43777

સુધરાઈ માર્કેટ, ટાવરની અંદર, સાવરકુંડલા

કે.કે. NEWS

તારીખ : 18/07/2026

# 70મી અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધાનું ઉદ્દઘાટન માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા દ્વારા કરવામાં આવ્યું

સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ,સાવરકુંડલા ખાતે તા. 18/07/2026, શનિવારના રોજ 70મી અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધા અંતર્ગત અંડર-14, અંડર-17 અને અંડર-19 ભાઈઓ-બહેનોની તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું ભવ્ય ઉદ્ઘાટન યોજાયું હતું.કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા રમત-ગમત અધિકારી શ્રીમતી પૂનમબેન ફુમકીયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ, શ્રી રાજુભાઈ નાગ્રેચા, શહેર ભાજપ મહામંત્રી શ્રી મોહિતભાઈ સુદાણી તથા પૂર્વ નગરપાલિકા પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદીએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી.તાલુકા કક્ષાએ પણ ભવ્ય અને આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેમના થકી ઉભું થયું છે તેવા  માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સર્વે વ્યાયામ શિક્ષક મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના પ્રારંભ ગાયત્રીમંત્રના 3 જાપ અને મહેમાનો દ્વારા દીપ પ્રગટ્યથી કરવામાં આવ્યો.ત્યાર બાદ સમગ્ર સ્પર્ધાના આયોજક-સંચાલક તથા શ્રી કે.કે. હાઈસ્કૂલ પ્રિન્સિપાલ શ્રી ચેતનકુમાર ગુજરીયા દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘના મહામંત્રી શ્રી બીપીનભાઈ રાઠોડનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.પોતાના ઉદ્બોધનમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ વિદ્યાર્થીઓને રમતગમતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રમતગમત વ્યક્તિના સર્વાંગી વિકાસ, શારીરિક સ્ફૂર્તિ, માનસિક મજબૂતી, શિસ્ત અને ટીમભાવનાના વિકાસ માટે અત્યંત જરૂરી છે. ખાસ કરીને કબડ્ડી જેવી ભારતીય પરંપરાગત રમત આપણા સાંસ્કૃતિક વારસાની ઓળખ છે અને ગ્રામ્ય વિસ્તારની પ્રતિભાઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. તેમણે તમામ ખેલાડીઓને ખેલદિલીથી રમવા અને રમત દ્વારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમનું સુંદર અને અસરકારક સંચાલન સમગ્ર સ્પર્ધાના કન્વીનર તથા શ્રી કે.કે. હાઈસ્કૂલના વ્યાયામ શિક્ષક શ્રી વિપુલભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.સ્પર્ધામાં તાલુકાની વિવિધ શાળાઓમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓ, વ્યાયામ શિક્ષકો તથા રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્સાહપૂર્ણ વાતાવરણ વચ્ચે સ્પર્ધાનો પ્રારંભ થયો હતો અને ખેલાડીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.










તારીખ : 18/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# જોઈએ છે...

## બાઈકના શો-રૂમમાં ઓફીસ અને કમ્પ્યુટર વર્ક કરી શકે એવા યુવાન માણસની જરૂર છે...

રૂબરૂ મળો... સવારે ૧૧ થી ૧ * બપોરે ૪ થી ૭

# એક્યુરેટ ઓટો એજન્સી

હીરો શો-રૂમ, મહુવારોડ, સાવરકુંડલા.

મો. 77780 03333

કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

# રાજુલાનું મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર બન્યું જનઆરોગ્યનું આશીર્વાદ કેન્દ્ર

## માત્ર બે માસમાં 25,086 દર્દીઓએ લીધો નિઃશુલ્ક સારવારનો લાભ; જટિલ ઓપરેશનથી લઈને ડાયાલિસિસ સુધીની સેવાઓ ઉપલબ્ધ





રાજુલા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહેલી મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર હોસ્પિટલે ટૂંકા ગાળામાં જ જનવિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. પૂજ્ય મોરારિબાપુના આશીર્વાદથી તા. 13 મે, 2026ના રોજ રાજ્યના મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પિત થયેલી આ હોસ્પિટલમાં માત્ર બે માસમાં જ 25,086થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ લીધો છે.હાલમાં હોસ્પિટલમાં કોઈપણ જાતના ભેદભાવ વિના તમામ સમાજના લોકો માટે સંપૂર્ણ નિઃશુલ્ક અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

ખાસ કરીને છેવાડાના, ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે હોસ્પિટલ આશાનું કિરણ બની છે.હોસ્પિટલમાં અનુભવી તબીબોની ટીમ દ્વારા વિવિધ રોગોની સારવાર, ગંભીર દર્દીઓની સંભાળ તેમજ જટિલ સર્જરીઓ સફળતાપૂર્વક કરવામાં આવી રહી છે. પૂજ્ય મોરારિબાપુના આશીર્વાદ અને દાતા પરિવારના સતત સહયોગથી માનવસેવાનું આ કાર્ય વધુ ને વધુ વિસ્તરી રહ્યું છે.

તા. 14 જુલાઈ, 2026 સુધીમાં હોસ્પિટલની નોંધપાત્ર કામગીરી આ મુજબ રહી છે:




જનરલ ઓપીડીમાં સારવાર મેળવનાર દર્દીઓ: 25,086

ઈમરજન્સી વિભાગમાં સારવાર મેળવનાર દર્દીઓ: 448

નાના-મોટા ઓપરેશનો: 106બાળરોગ વિભાગમાં સારવાર મેળવનાર દર્દીઓ: 1,447

ડાયાલિસિસ સેવા મેળવનાર દર્દીઓ: 50

લેબોરેટરી ટેસ્ટ: 10,030

નિઃશુલ્ક ભોજનાલયનો લાભ લેનાર લોકો: 12,222

હોસ્પિટલમાં દાખલ (એડમિટ) દર્દીઓ: આશરે 300

માત્ર બે મહિનામાં જ હજારો દર્દીઓ સુધી ગુણવત્તાસભર અને સંપૂર્ણ નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં હોસ્પિટલ સફળ રહી છે. રાજુલા સહિત સમગ્ર વિસ્તારમાં મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર હોસ્પિટલ આજે આરોગ્ય સેવા, માનવતા અને સમર્પણનું જીવંત પ્રતિક બની રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

॥ ઓમ શાંતિ



## બેસણું

### સ્વ. ખીમજીભાઈ સુરાભાઈ બગડા

(નિવૃત્ત સેલ્સ ટેક્સ ઓફિસર)

અમારા પિતાશ્રી "ખીમજીભાઈ સુરાભાઈ બગડા" નું તા. 17/7/2026, શુક્રવારના રોજ દુખદ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. 20/7/2026, સોમવારના રોજ અમારા નિવાસ્થાને રાખવામાં આવે છે.

**સમય**
સાંજના
4 થી 6

**સ્થળ**
ખોડીયાર કૃપા
ખાદીકાર્યાલય પાછળ,
સાવરકુંડલા

**કેતનભાઈ કે. બગડા**
(Zee 24 Kalak - New's)
મોબાઈલ : 9427755071

**હિરેનભાઈ કે. બગડા**
(તિરૂપતિ યુનિફોર્મ મોલ - રાજકોટ)

પરમાત્મા દિવંગત આત્માને શાંતિ આપે અને શોકસંતપ્ત પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

ૐ શાંતિ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 18/07/2026

# સાવરકુંડલા તાલુકાના જુનાસાવર-ભુવા ગામમાં આરોગ્ય વિભાગનું વિશેષ રોગચાળો નિવારણ અભિયાન



અમરેલીના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી તેમજ તાલુકા આરોગ્ય અધિકારી, સાવરકુંડલાના માર્ગદર્શન હેઠળ જુનાસાવર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા જુનાસાવર અને ભુવા ગામમાં પાણીજન્ય તથા મચ્છરજન્ય રોગોના નિયંત્રણ અને નિવારણ માટે વિશેષ આરોગ્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું.આ અભિયાન દરમિયાન પીવાના પાણીના વિવિધ સ્ત્રોતોમાં ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી હતી, જેથી પાણીજન્ય રોગોના ફેલાવાને અટકાવી શકાય. ઉપરાંત ગ્રામજનો તેમજ શાળાના વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી આપી તેનાથી બચવાના ઉપાયો અંગે આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું.મચ્છરોના પ્રજનનને અટકાવવા માટે ગામમાં પાણી ભરાયેલા ખાડાઓમાં બળેલું ઓઈલ નાંખવાની તેમજ પોરાનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાથે જ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ગામમાં સઘન સર્વેલન્સ કરીને તાવ સહિતના રોગોના સંભવિત કેસો પર સતત નજર રાખવામાં આવી હતી.આરોગ્ય વિભાગે ગ્રામજનોને પોતાના ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા, પાણી ભરાઈ ન રહે તે માટે જરૂરી તકેદારી રાખવા, પીવાનું પાણી ઉકાળીને અથવા ક્લોરીનેશન કરેલું જ વાપરવા તેમજ તાવ કે અન્ય લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 18/07/2026

# બાબરા પોલીસની માર્ગ સલામતી પહેલ: રાત્રિ દરમિયાન અકસ્માત નિવારવા છકડા રીક્ષાઓ પર રેડિયમ સ્ટીકર લગાવાયા



અમરેલી જિલ્લાના બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રિ દરમિયાન વાહનચાલકોની સુરક્ષા માટે છકડા રીક્ષાઓ પર રેડિયમ લગાડવાની કામગીરી કરવામાં આવી હતી.બાબરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ રાત્રિના સમયે છકડા રીક્ષાઓના કારણે સર્જાતા માર્ગ અકસ્માતોને અટકાવવા બાબરા પોલીસે માર્ગ સલામતીને પ્રાથમિકતા આપતા છકડા રીક્ષાઓ પર રેડિયમ સ્ટીકર લગાડવાની કામગીરી હાથ ધરી હતી.આ કામગીરીનો મુખ્ય હેતુ રાત્રિના અંધારામાં છકડા રીક્ષાઓ અન્ય વાહનચાલકોને દૂરથી સ્પષ્ટ દેખાય અને અકસ્માતની સંભાવના ઘટે તે છે. પોલીસે રીક્ષા ચાલકોને પણ ટ્રાફિક નિયમોનું પાલન કરવા, વાહનોમાં જરૂરી સુરક્ષા સાધનો રાખવા તેમજ સાવચેતીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરી હતી.બાબરા પોલીસની આ પહેલ માર્ગ સલામતી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે અને સ્થાનિક લોકો દ્વારા પણ આ કામગીરીને આવકાર આપવામાં આવ્યો છે.



પ્રચાર નહીં તો વેપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

## તમારા બિઝનેસ લોગો અને ડિજિટલ સાથે

# પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ માટે

બેસ્ટ ઓફર

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ +
1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે




- ફેસ્ટીવલ ઇમેજ
- ગુડ મોર્નિંગ પોસ્ટ
- ગુડ નાઇટ પોસ્ટ
- બર્થ ડે પોસ્ટ
- પોલીટીકલ પોસ્ટ
- સુવિચાર પોસ્ટ
- મોટીવેશનલ પોસ્ટ
- સ્પેશ્યલ કેટેગરી

સુપ્રસિદ્ધ સ્થાનીક
સંતો મહંતોના
જન્મ જયંતી તેમજ
જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

2 દિવસે **ડેમો ફ્રી**

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ
તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....




દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બસીપ લીધેલ)
આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.

તો આજેજ કૉલ કરો અને ઓફરનો લાભ લો!

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક કરો Mo. 9409545745

**કે.ડી. NEWS**

તારીખ : 18/07/2026

# જિલ્લાના ખેડૂતોએ પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટે સહાય ચૂકવણા દરખાસ્ત રજૂ કરવી

અમરેલી તા. ૧૭ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી જિલ્લાના તાર ફેન્સીંગ યોજનામાં પુર્વ મંજૂરી મેળવેલ છે તેવા તમામ લાભાર્થીઓને જણાવવાનું કે, પ્રથમ તબક્કામાં તા. ૦૫.૦૬.૨૦૨૬ થી તા. ૧૯.૦૬.૨૦૨૬ સુધી કુલ ૪૪૯ લાભાર્થીઓને પુર્વ મંજુરી આપેલ છે.તાર ફેન્સિંગની સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સિંગ બનાવવાની સંપૂર્ણ કામગીરી પૂર્વ મંજૂરી મળ્યેથી દિન-૬૦ અંદર પૂર્ણ કરવાની રહેશે. વધુમાં તારની વાડ બનાવવાની કામગીરી ચાલુ કર્યાના અક્ષાંસ-રેખાંશ (જી.પી.એસ) સાથેના ફોટા પૂર્વ મંજૂરી મળ્યેથી ૬૦ દિવસની અંદર તાર ફેન્સિંગની કામગીરી પૂર્ણ થયા બાદ સામાન ખરીદીના જી.એસ.ટી નંબર વાળા બિલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહિત સાધનિક કાગળો વાળી સહાય દરખાસ્ત આપના સંબંધિત તાલુકાના વિસ્તરણ અધિકારીશ્રીની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહિ.આ અંગે અરજદારશ્રીનો હક્ક દાવો રહેશે નહીં. વધુમાં, અરજદાર દ્વારા તાર ફેન્સિંગ બનાવવા માટે પૂર્વમંજૂરી મળ્યેથી દિન-૬૦ અંદર જિલ્લાકક્ષાએ ક્લેમ રજૂ કરવામા નહિ આવે તો તાર ફેન્સિંગ યોજનામાં સહાય મેળવવા માંગતા નથી તેવું માનીને પુર્વમંજૂરી અને અરજી દફ્તરે કરવામાં આવશે. જેની સઘળી તમામ જવાબદારી અરજદારની રહેશે અને તે બાબતે સહાય માટે કોઈ દાવો કે માંગણી કરી શકાશે નહિ તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 18/07/2026

# વડોદરાથી પરત ફરતી વેળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આણંદ જિલ્લાના અંબાલી ગામે અચાનક મુલાકાત લઈ બાળકો અને ગ્રામજનો સાથે કર્યો આત્મીય સંવાદ



વડોદરાથી પરત ફરી રહ્યા હતા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આણંદ જિલ્લાના અંબાલી ગામ નજીક એક સહજ અને યાદગાર વિરામ લીધો. રસ્તાની બાજુમાં શાળાના યુનિફોર્મમાં ઊભેલા વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને જોઈ તેમણે વાહન રોકાવી તેમની સાથે આત્મીય મુલાકાત કરી.મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓ સાથે તેમના અભ્યાસ, શાળા અને ભવિષ્યના સપનાઓ અંગે હળવી વાતચીત કરી તેમજ તેમને મન લગાવી અભ્યાસ કરવાની પ્રેરણા આપી. ત્યારબાદ ગ્રામજનો સાથે ગામની વિવિધ સુવિધાઓ, વિકાસલક્ષી કામગીરી અને સ્થાનિક જરૂરિયાતો અંગે માહિતી મેળવી.મુલાકાત દરમિયાન નજીકના એક ઘરમાં કાર્યરત ગોબરગેસ પ્લાન્ટની પણ મુખ્યમંત્રીએ મુલાકાત લીધી. પ્લાન્ટના સંચાલક વિઠ્ઠલભાઈ સાથે ગોબરગેસ પ્લાન્ટથી થતા લાભો, ઊર્જા બચત તેમજ પર્યાવરણ સંરક્ષણમાં તેના યોગદાન અંગે ચર્ચા કરી અને આ પ્રકારના પ્રયાસોની પ્રશંસા વ્યક્ત કરી.આ સમગ્ર મુલાકાત દરમિયાન કોઈ ઔપચારિકતા નહોતી, પરંતુ સહજતા, આત્મીયતા અને સ્નેહસભર સંવાદ જોવા મળ્યો. મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે મારા માટે આ મુલાકાત પોતાના પરિવારના સભ્યોને મળ્યાની લાગણી જેવી બની રહી. ગ્રામજનો અને વિદ્યાર્થીઓ સાથેનો આ અનાયાસ સંવાદ સૌ માટે યાદગાર બની રહ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## હવે બનશે આપના

# ધંધાની

## ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




### મુખ્ય સુવિધાવો

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગુગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશયલ મીડિયા લિંક્સ

### જેમાં તમને મળશે..

- તમારો પોતાનો **ડીઝીટલ સ્ટોર**
- ઓર્ડર અને ગ્રાહકોનો **સરળ રેકોર્ડ**
- તમારા ધંધાનું **ઓનલાઈન માર્કેટ**
- મોબાઈલમાં સરળ અને **ઝટપી મેનેજમેન્ટ**
- ગ્રાહકો સાથે **સીધી વાત**
- **ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ**
- વિશ્વસનીય, સુરક્ષિત અને **વિશ્વાસપાત્ર**




એક ક્લિકમાં આપનો ધંધો,
**દુનિયાભરમાં ઓળખ !**

વધુ ગ્રાહકો | વધુ વિશ્વાસ | વધુ વેચાણ | વધુ વૃદ્ધિ

તારીખ : 18/07/2026

# અષાઢી બીજ નિમિત્તે વેલનાથ બાપુના ધ્વજ તથા છગન બાપુની મઢી ખાતે ભક્તિમય વાતાવરણમાં ધાર્મિક કાર્યક્રમ યોજાયો







ચલાલા,(દાનાભગત) તા. 17 જુલાઈ: અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે ચલાલા ખાતે વેલનાથ બાપુના પવિત્ર ધ્વજ તથા છગન બાપુની મઢી ખાતે ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ અંતર્ગત વેલનાથ બાપુના ધ્વજનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું તેમજ છગન બાપુની મઢી ખાતે ધૂણાના દર્શન અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પ્રસંગને અનુલક્ષીને ધ્વજની પ્રસાદી ભાવપૂર્વક તૈયાર કરવામાં આવી હતી, જેનો લાભ મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો.ગામના ભાઈઓ, બહેનો, વડીલો, યુવાનો તથા માતાઓએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લઈ વેલનાથ બાપુ અને છગન બાપુના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભજન-કીર્તન, જયઘોષ અને ભક્તિના માહોલ વચ્ચે અષાઢી બીજનો પવિત્ર તહેવાર હર્ષોલ્લાસ અને શ્રદ્ધાભાવ સાથે ઉજવાયો હતો.ઉપસ્થિત ભક્તજનોએ વેલનાથ બાપુ તથા છગન બાપુને પ્રાર્થના કરી કે તેમના આશીર્વાદથી સમગ્ર સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને સર્વાંગી કલ્યાણ પ્રાપ્ત થાય. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તમામ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.આ ધાર્મિક કાર્યક્રમે ગામમાં આધ્યાત્મિક એકતા, ભક્તિ અને સામાજિક સૌહાર્દનો સુંદર સંદેશ પ્રસરાવ્યો હતો. વેલનાથ બાપુ અને છગન બાપુ પ્રત્યેની અખંડ શ્રદ્ધા સાથે અષાઢી બીજનો આ પાવન ઉત્સવ ભવ્ય અને સફળ રીતે સંપન્ન થયો હતો.તેમ સંજયભાઈ ચૌહાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

લી પ્રકાશ કારીયા ચલાલા

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"ભોજન કરવાના પ્રસંગે પણ ભોજન ન કરનારો કદાચ ભૂખ્યો રહી જાય છે, પણ ઝેર ખાવાનો સમય તો ક્યારેય આવતો જ નથી છતાં જે વ્યક્તિ ઝેર ખાઈ લે છે એ તો મરી જ જાય છે. પ્રશંસાના સમયે પ્રશંસા ન કરીએ એ મનની કૃપણતા છે, પણ ક્યારેય નિંદા ન જ કરવાની હોવા છતાં નિંદા કરતાં રહીએ એ તો મનની કઠોરતા છે અને કુટિલતા છે !"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3457**
**18/07/2026**
**Saturday**

## आत्मा

गुरु ही वर्तमान का
परमात्मा होता है,
यह बात जिवन मे
"बचपन" से ही विकसीत
हो तो ही अच्छा होता है,

बाबास्वामी
18/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**મિત્ર:** "તું એટલો ખુશ કેમ છે?"
બીજો: "આજે પત્નીએ કહ્યું, 'તમે સાચા હતા!'"મિત્ર: "પછી?"બીજો: "પછી એલાર્મ વાગી ગયું... સ્વપ્ન તૂટી ગયું!"...

**મિત્ર:** "તારો ફોન કેમ હંમેશા Silent પર હોય છે?"
બીજો: "કારણ કે લોનવાળા પણ શાંતિથી રહે અને હું પણ!".....

**ડોક્ટર:** "તમારે ચાલવાનું વધારે કરવું."
દર્દી: "હું તો દરરોજ ઓફિસમાં બોસની પાછળ જ ચાલું છું!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 18 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

## જન્મ

૧૮૬૧ – કાદમ્બિની ગાંગુલી, ચિકિત્સકની પદવી મેળવનારા પ્રથમ ભારતીય મહિલાઓમાંના એક (અ. ૧૯૨૩)

૧૯૧૩ – છોટુભાઈ નાયક, ગુજરાતી ભાષાના કોશકાર (અ. ૧૯૭૬)

૧૯૧૮ – નેલ્સન મંડેલા, દક્ષિણ આફ્રિકાના ક્રાંતિકારી નેતા, રાજપુરુષ અને દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ (અ. ૨૦૧૩)

૧૯૨૭ – મહેદી હસન, પાકિસ્તાની ગઝલ ગાયક અને પાર્શ્વ ગાયક (અ. ૨૦૧૨)

૧૯૩૫ – જયેન્દ્ર સરસ્વતી, ભારતીય ગુરુ, ૬૯મા શંકરાચાર્ય (અ. ૨૦૧૮)

૧૯૭૧ – સુખવિંદર સિંહ, ભારતીય ગાયક-ગીતકાર અને અભિનેતા

૧૯૭૬ – હરદ્વાર ગોસ્વામી, ગુજરાતી કવિ, ગીતકાર અને નાટ્યકાર

૧૯૮૨ – પ્રિયંકા ચોપરા, ભારતીય અભિનેત્રી અને સૌંદર્ય સામ્રાજ્ઞી

૧૯૯૬ – સ્મૃતિ મંધાના, ભારતીય ક્રિકેટર

## અવસાન

૭૧૫ – મહંમદ બિન કાસિમ, આરબ લશ્કરી કમાન્ડર (જ. ૬૯૫)

૧૯૦૬ – અમૃત કેશવ નાયક, નાટ્યકાર, દિગ્દર્શક, કવિ અને લેખક (જ. ૧૮૭૭)

૧૯૪૮ – કંપની હવાલદાર મેજર પીરૂ સિંઘ શેખાવત, ભારતીય ભૂમિસેનાના પરમવીર ચક્ર વિજેતા સૈનિક (જ. ૧૯૧૮)

૨૦૧૨ – રાજેશ ખન્ના, ભારતીય અભિનેતા (જ. ૧૯૪૨)

## તહેવારો અને ઉજવણીઓ

નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિન

તારીખ : 18/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 18/07/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



## કે.ડી NEWS

### આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 52K | 37K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**